ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# શહેરમાં ઈંડા-નોનવેજની લારી દુર કરવા માટે નો અવાજ બુલંદ બન્યો

**સે-૨૧ માઉન્ટ કાર્મેલ સ્કુલ સહીત જાહેર માર્ગો આસપાસ ઉભી રહેતી લારીઓ દુર કરવા માટે મેયર તેમજ કમિશ્નરને રજુઆત : પુર્વ કોર્પોરેટર તેમજ બજરંગ દળના પ્રમુખે પણ યોગ્ય પગલા લેવા અવાજ ઉઠાવ્યો**

ગાંધીનગર તા ૧૬

નોનવેજ અને ઈંડાની લારીઓ દુર કરવા માટે રાજકોટ, વડોદરા અને અમદાવાદ સહીતના વિસ્તારમાં વિરોધ ઉભો થયો છે. ધાર્મિક સ્થળો તેમજ શાળા કોલેજની આસપાસ ઉભી રહેતી લારીઓ દુર કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. ગાંધીનગરમાં પણ હવે આ અવાજ બુલંદ બન્યો છે . શહેરની માઉન્ટ કાર્મેલ શાળા પાસે પણ નોનવેજની લારીઓ દુર કરવા માટે પુર્વ કોર્પોરેટરે મ્યુનિ કમિશ્નરને પત્ર લખી રજુઆત કરી છે. આ ઉપરાંત જાહેર માર્ગો પર કે તેની નજીકમાં ઉભી રહેતી ઈંડા કે નોનવેજની લારીઓ દુર કરવા માટે ગાંધીનગર બજરંગ દળે પણ મેયરને રજુઆત કરી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં -૩ ના પુર્વ કોર્પોરેટર પ્રણવ દિલીપભાઈ પટેલે ગાંધીનગર મ્યુનિ કમિશ્નરને રજુઆતમાં જણાંવ્યા મુજબ સે-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ સ્કુલની સામેના ભાગમાં ઈંડા અને મટનની લારીઓ વિશેષ ઉભી રહે છે. જયારે આ ઠેકાણે મોટી સંખ્યામાં અસામાજિક તત્વો પણ અડ્ડો જમાવે છે. જેની જનજીવન પર માંઠી અસર વર્તાઈ રહી છે. શહેરનુ મુખ્ય શોપિંગ સેન્ટર પણ અહીંથી નજીક હોવાથી મહીલાઓ અને બાળકોની પણ વિશેષ અવરજવર આ માર્ગ પર જોવા મળે છે. શાળાની નજીક ગેરકાયદેસર રીતે દબાણ કરીને અડ્ડો જમાવતી નોનવેજની લારીઓ દુર કરવા ત્વરિત પગલા લેવાય તે અનિવાર્ય છે. તેમણે આ મામલે આઠ મહીના અગાઉ પણ બ્લર્ડ ફલ્યુને ધ્યાનમાં રાખી મ્યુનિ કમિશ્નરને પત્ર લખી રજુઆત કરી હતી. જેમાં પણ સ્વચ્છતાનુ માપદંડ ન જળવાતુ હોવાની સાથે જાહેર આરોગ્યના હીતમાં ઈંડા અને નોનવેજનુ વેચાણ બંધ કરાવવા માટે રજુઆત કરી હતી. આ તબક્કે સે-૨૧ અને સે-૩૦ માં પણ રહેણાંક વિસ્તાર અને સ્કુલ નજીક ઉભી રહેતી લારીઓ દુર કરાવવા માટે રજુઆત કરી હતી. ગાંધીનગર બજરંગ દળના પ્રમુખ ગજેન્દ્રસિંહ રહેવરે આ અંગે મેયરને રજુઆતમાં જણાંવ્યા મુજબ અમદાવાદ કોર્પોરેશનને ઠરાવ કર્યો છે તે મુજબ ગાંધીનગરમાં પણ જાહેર માર્ગો તેમજ તેની નજીકમાં ઈંડા અને નોનવેજની લારી ઉભી ન રહે તેનો અમલ કરવો અનિવાર્ય છે. ગાંધીનગરમાં આવા વિસ્તારમાંથી આ પ્રકારની લારીઓ દુર કરવા માટે પણ તેમણે રજુઆતમાં જણાંવ્યુ છે. તેમણે રજુઆતમાં સરકારી જમીનમાં ઈંડા નોનવેજની લારીના લીધે લેન્ડ ગ્રેબીંગની સમસ્યા પણ ઉદભવી હોવાનુ પણ તેમણે જણાંવ્યુ છે. નાગરિકોને સલમાત અને સામાજિક વાતાવરણ પુરુ પાડવા માટે શહેરના સેકટરોમાં વિવિધ ૧૬ જેટલા પોઈન્ટ પર આ પ્રકારની લારીઓ વધુ ઉભી રહેતી હોવાનો પણ ઉલ્લેખ કર્યો છે. જયારે નોનવેજ અને ઈંડાની લારી પરથી આવતી તિવ્ર મસાલાની સ્મેલના લીધે પણ અસ્થમાના દર્દીઓ પરેશાન થઈ જતા હોવાનો રોષ પણ વ્યકત કર્યો છે. ઈંડા નોનવેજની લારીના દબાણો દુર કરી આ મામલે ત્વરિત કાર્યવાહી કરવા માટે પણ તેમણે કમિશ્રરને રજુઆતમાં જણાંવ્યુ છે.



ઉમિયા માતાજી મંદિર, સેક્ટર-૧૨ નજીક સ્માર્ટ ડસ્ટબીન મુકવામાં આવી છે. આ ડસ્ટબીનની ખાસીયત એ છે કે આ ડસ્ટબીન અંડરગ્રાઉન્ડ ડસ્ટબીન છે. જેના કારણે કચરો રસ્તા પર વેરાતો નથી. કચરો સીધો જ અન્ડરગ્રાઉન્ડ ડસ્ટબીનમાં નાંખવામાં આવતો હોવાથી ગંદકી ફેલાતી નથી.

# વાઈબ્રન્ટના પગલે શહેરની ફુટપાથની દશા સુધારાશે

**ફુટપાથના ગાબડા પુરાવા સહીત સફાઇ અને કર્બિંગને કલર પણ કરાશે : તંત્રએ સર્વે શરૂ કર્યો વિભાગને રીપોર્ટ સુપ્રત કરશે**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં છેલ્લા બે વર્ષથી ફુટપાથ કંગાળ હાલતમાં જોવા મળે છે. વોક વે પર ઠેર ઠેર ગંદકી અને ગાબડાનુ સામ્રાજય છે જયારે આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર હવે ધીમે ધીમે એક્શન મોડમાં આવી રહ્યુ છે ત્યારે ફુટપાથના ગાબડા પુરવા સહીત કર્બિંગને કલર કરવા માટે પણ આયોજન કરવામાં આવી રહ્યુ છે. આ મામલે શહેરમાં સ્થિત ૯૧ કી મી ના ફુટપાથના નેટવર્કનો સર્વે કરી વિભાગને રીપોર્ટ સુપ્રત કરાશે ત્યાર બાદ ફુટપાથની આભા વધારવા માટે કામગીરી શરૂ કરાશે.

શહેરમાં એકબાજુ માર્ગો અને ફુટપાથની દશા ખરાબ છે. જયારે આગામી જાન્યુઆરી મહીનામાં વાઈબ્રન્ટ સમિટનુ આયોજન કરવા માટે પણ ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેનો અનુલક્ષીનો તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. શહેરમાં ફુટપાથ પર ઠેર ઠેર ગાબડા અને કચરો ઠલવાયેલો જોવા મળે છે. વોક વે પર બિનજરૂરી વન્સ્પિત ઉગી નિકળતા વોકીંગ કરનારાઓને પણ હાલાકી વેઠવી પડે છે. શહેરમાં અંદાજિત ૯૧ કી મી માં ફુટપાથનુ નેટવર્ક પથરાયેલુ છે. ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ બ્યુટીફિકેશન પાછળ પણ તોતિંગ ખર્ચ કરવામાં આવે છે. જેનો અનુલક્ષીને આગામી વાઈબ્રન્ટ પુર્વે તંત્ર દ્વારા ફુટપાથની દશા સુધારવાનુ કામ હાથ ધરાશે. ફુટપાથ પર તુટેલી ટાઈલ્સ , કલર વગરના કર્બિંગ, તેમજ સફાઈ સહિતની કામગીરી હાથ ધરાશે.



કરવામાં આવ્યો છે. પરંતુ છેલ્લા બે વર્ષથી ફુટપાથની જાળવણીના અભાવે હાલ વોક સદંતર કંગાળ હાલતમાં જોવા મળી રહ્યો છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્રએ હાલ ફુટપાથનો સર્વે હાથ ધર્યો છે. નગરમાં મુખ્ય આડા અને ઉભા માર્ગોની આસાપાસની ફુટપાથ પણ બિસ્માર હાલતમાં છે. જયારે વાઈબ્રન્ટ સમિટ દરમિયાન શહેરમાં માર્ગ સુધારણા અને સર્વેના અંતે ફુટપાથને નિખારવા તંત્ર કક્ષાએથી કામગીરી શરૂ કરી દેવાશે જો કે ફુટપાથના રીપેરીંગ અને રંગોરાગાન પાછળ અંદાજિત રૂ ૨૫ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. વાઈબ્રન્ટ સમિટના આયોજનને અનુલક્ષી તંત્ર પાસે પણ હવે તૈયારીના દિવસો થોડા જ બાકી રહ્યા છે. ત્યારે ધીમે ધીમે શહેરમાં માર્ગ સુધારણના બાકી કામો તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે.

# શહેર-જિલ્લામાં ૧૦૦ થી વધુ પ્રાથમિક શિક્ષકોની ઘટ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે ૧૨૦ થી વધુ શિક્ષકોની ઘટનો લઈ આગામી દિવસોમાં પ્રાથમિક શિક્ષણ એક પડકાર બનીનો ઉભરશે.

ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૦-૨૧ના રોજ વય મર્યાદાને લઈ ૫૪ શિક્ષકો નિવૃત્ત થયા છે તો શહેરમાં ૧૬ થી વધુ શિક્ષકો નિવૃત્ત આ વર્ષે થયા છે. શિક્ષકોની ભરતી થઈ નથી તેમજ ૬ થી ૮ ના જે શિક્ષકો નિવૃત્ત થયા તેમના સ્થાને ધો. ૧ થી ૫ માં જે લાયકાત ધરાવતા શિક્ષકો હતા તેમને ચાર્જ સોંપી હાલ ધકેલ પંચા દોઢસો જેવી સ્થિતિ થઈ છે.

પ્રાયમરીનું વર્ગ શિક્ષણ બંધ છે એટલે હાલ ઘટની કોઈ સમસ્યા નથી તેવુ ગાણુ તંત્ર ગાઈ રહ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં ધો. ૧ થી ૮ માં ૭૯ જેટલા શિક્ષકોની ઘટ છે તો ગ્રામ્ય વિસ્તારમાં અંદાજે ૧૦૦ જેટલા શિક્ષકોની ઘટ ૩૧-૧૦-૨૧ ની સ્થિતિએ હોવાનું જાણવા મળેલ છે. શિક્ષકોનું મંજૂર મહેકમ ૩૧-૮-૨૧ની સ્થિતિએ મંજૂર થતુ હોય છે. આ વખતે ૩૧-૧૦-૨૧ના રોજ વય મર્યાદાને લઈ નિવૃત્ત થયેલા શિક્ષકોને કારણે આ સમસ્યા ઉભરી આવી છે.

દિપાવલી વેકેશન પૂર્ણ થવા આવ્યુ છે અને સરકાર ધો. ૧ થી ૫ ના વર્ગ શિક્ષણનો લઈ વિચારણા કરી રહી છે. પાટનગરમાં જ દિવા તળે અંધારા જેવો ઘાટ થયો છે. શિક્ષકોની ઘટનો પહોંચી વળવા હવે તાત્કાલિક જિલ્લા ફેર બદલીનો વિકલ્પ પર વિચારણા ચાલી રહી હોવાની વાતો તંત્રની ગલિયારીઓમાં ગણગણાટ થતી હોય તેમ સાંભળવા મળી રહ્યું છે.

જો કે શિક્ષકોની ઘટ એ દર વર્ષે થતી હોય છે અને વધ-ઘટના કેમ્પો યોજી તે દૂર કરવામાં આવતી હોય છે. આ કેમ્પો મંજૂર થયેલ સેટ-અપને આધારે થતા હોય છે.

# જિલ્લામાં વધુ ૮ હજારને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવાયા

**૧૫ ડિસેમ્બર સુધીમાં બન્ને ડોઝની ૧૦૦ ટકા કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં આજે પણ કોરોના વેક્સિનેશન અભિયાન હેઠળ આઠ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૮૦૨ લોકોને અને શહેરમાં ૧૮૧૭ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં ૮,૧૭,૯૮૪ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૫,૩૬,૯૦૮ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપી દેવામાં આવ્યા છે.

૧૫મી ડિસેમ્બર પહેલાં જિલ્લામાં વેક્સિનના બન્ને ડોઝની કામગીરી પૂર્ણ થાય તે રીતે અભિયાન સઘન બનાવવામાં આવી રહ્યાનું તંત્રના સૂત્રોનું કહેવુ છે. વેક્સિનના બીજા ડોઝની કામગીરી પણ શહેર, જિલ્લામાં ૭૦ ટકા જેટલી સંપન્ન થઈ ગઈ છે. અભિયાન હાઉસ ટુ હાઉસ કરવામાં આવી રહ્યુ છે અને તેથી તે ઝડપથી પૂર્ણ થાય તે રીતે આગળ વધી રહ્યુ છે. હાઉસ ટુ હાઉસ ઉપરાંત સેશન સાઈટ પર પણ વેક્સિનેશનની કામગીરી ચાલી રહી હોવાનું આ સૂત્રોએ જણાવ્યુ છે.

# જુદી જુદી હાઉસીંગ યોજનાઓ એક છત્ર હેઠળ લાવવાની સરકારની વિચારણા

**અધિકારીઓની સમિતિની રચના કરાઈ : વિધાનસભાના બજેટ સત્રમાં મોટી જાહેરાતની સંભાવના**

ગાંધીનગર, તા. ૧૬

રાજયમાં જુદી જુદી હાઉસીંગ યોજનાઓ અંતર્ગત ચાલી રહેલી કામગીરીને એક છત્ર નીચે લાવવા અંગેની ગંભીર વિચારણા સરકાર દ્વારા હાથ ધરવામાં આવી છે. આ અંગે એક અધિકારીઓની સમિતિની પણ રચના કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે રાજયના પંચાયત વિભાગ સહિત વિવિધ હાઉસીંગ યોજનાઓ જે હાલ કાર્યરત છે તેમાં યોજનાઓ બેવડાતી હોય તેમજ લાભાર્થીઓને સમયસર લાભ પણ મળતો ન હોવાની ફરિયાદોને પગલે રાજય સરકારે આ બધી યોજનાઓ એક છત્ર નીચે લાવવાની વિચારણા હાથ ધરી છે.

તાજેતરમાં પંચાયત વિભાગ દ્વારા આ અંગે અધિકારીઓની એક બેઠકમાં ગંભીર વિચારણા થઈ હતી. આ પછી આ યોજનાઓ અંગે અધિકારીઓની સમિતિની રચના કરવામાં આવી છે.

આ સમિતિમાં અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા, સોનલ મિશ્રા, મનીષા ચંદ્રા, નરેન્દ્રસિંહ વાઘેલા તેમજ આર. કુચારાનો સમાવેશ થાય છે. આ સમિતિ આગામી ત્રણ મહિનામાં આ અંગે પોતાના અભ્યાસને અંતે સરકારને પોતાનો અહેવાલ આપશે.

સરકાર દ્વારા રાજય વિધાનસભાના બજેટ સત્રમાં હાઉસીંગ યોજનાઓને લઈ મહત્વની જાહેરાત કરશે તેમ સચિવાલયના સૂત્રો જણાવી રહ્યા છે.

રાજયમાં બધાને ઘર આપવાના લક્ષ્યાંક સાથે સરકાર આગળ વધી રહી છે. સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે કે એક જ છત્ર નીચે બધી હાઉસીંગ યોજનાઓ આવતાં કામગીરી પણ વેગીલી બનશે એટલુ જ નહિ અરજદારને પણ સરળીકરણના

● અનુસંધાન પાન-૭ પર

# ઘ-૪ અન્ડર પાસ તૈયાર કરાયા બાદ અધ્ધર લટકતા સર્વિસ રોડનુ કામ આખરે શરૂ કરાયુ

**અન્ડર પાસ ખુલ્લો મુકાયા બાદ લાંબા સમયથી સર્વિસ રોડ તૈયાર થયો નથી : વાઇબ્રન્ટને અનુલક્ષી કામ શરૂ થતા ટ્રાફિકની અવરજવર વધુ સરળ બનશે**

ગાંધીનગર તા ૧૬

શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરાયો છે. દેવાયુ છે. અન્ડર પાસની સમાંતર સર્વિસ રોડનુ કામ છેલ્લા ઘણાં સમયથી બાકી હતુ આજે સર્વિસ લગતી સમસ્યા યથાવત છે. અલબત્ત થોડા થોડા સમયે અન્ડર પાસની જાળી વારંવાર તુટી જતા



જયારે અનેકવાર વિવાદમાં સપડાયેલા અન્ડર પાસને અનુલક્ષી લાંબા સમયના અંતે બન્ને તરફના સર્વિસ રોડનુ કામ આખરે શરૂ કરી રોડનુ ડામર કામ શરૂ કરી દેવાયુ છે. ટુંકમાં જ સર્વિસ રોડ તૈયાર થઈ જતા આ વિસ્તારમાં અન્ડર પાસ નીચેથી પસાર થતા વાહનોનુ ભારણ પણ ઘટશે.

શહેરના મુખ્ય ઘ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરાયા બાદ હજુ સુધી આ વિસ્તારમાં ટ્રાફિકને પણ વાહનચાલકો માટે જોખમી સ્થિતિ સર્જાય છે. અન્ડર પાસમાં લોખંડની જાળી તુટવાના અત્યાર સુધીમાં ચાર પાંચ વાર કિસ્સા બનવા પામ્યા છે. અન્ડર પાસની કામગીરીની ગુણવત્તા સામે પણ અનેકવાર સવાલો મંડરાતા વિવાદ સર્જાયો છે. અગાઉ પ્રથમ વરસાદના અંતે જ અન્ડર પાસ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. જયારે હાલ ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ ચાલી રહ્યુ છે ત્યારે આ મામલે પણ યોગ્ય કાળજી લેવાય તેવી પણ માંગણી ઉઠવા પામી છે. અન્ડર પાસ તૈયાર થવામાં વિલંબ થયો છે. કોરોના કાળ વચ્ચે માંડ મુખ્યમાર્ગના અન્ડર પાસનુ કામ પુર્ણ થયુ છે. ત્યારે હજુ સર્વિસ રોડ પણ તૈયાર થયો નથી. અન્ડર પાસ ખુલ્લો મુકી દેવાયા બાદ લાંબા સમયના અંતે પણ આસપાસ સર્વિસ રોડનુ કામ પુર્ણ થયુ નથી જેના લીધે સે-૧૬ ના માર્ગ પરથી મુખ્યમાર્ગ પર આવતા ટ્રાફિકનુ ભારણ પણ વધ્યુ છે. આગામી દિવસોમાં વાઈબ્રન્ટ સમિટની ઉજવણી પણ નજીકમાં છે ત્યારે અન્ડર પાસને અનુલક્ષીને સર્વિસ રોડનુ કામ પણ સમસયર પુર્ણ કરી દેવામાં આવશે હાલ અન્ડર પાસ નજીકના સર્વિસ રોડને તૈયાર કરવા તંત્રની ટીમ કામે લાગી છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી શહેરમાં ફુટપાથની સાથે માર્ગ

● અનુસંધાન પાન-૭ પર

# ગુડાની આવાસ યોજનામાં ખાલી પડી રહેલા ૧૪૧ મકાનોનુ વેચાણ કરાશે

**નિયત આવક મર્યાદાને ધ્યાનમાં રાખી અરજદારો આવાસ માટે આગામી ૨૪ ડીસેમ્બર સુધી અરજી કરી શકશે : લાંબા સમયથી આવાસો પડતર હોવાથી આખરે ગુડાએ નિર્ણય લીધો**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટે નિર્માણ કરાયેલા આવાસો અન્વયે હજુ ઘણાં આવાસો પડતર છે. ગુડાએ નિર્માણ કરેલા ઓછી આવક ધરાવતા પરિવારજનો માટેના ૧૦૩ અને મધ્યમ આવક ધરાવતા પરિવારજનો માટેના ૩૮ મકાનો બાંધકામના અંતે પણ લાંબા સમયથી પડતર છે. આ આવાસો ગુડાની પ્રથમ તેમજ અંતિમ આવાસ યોજના પૈકીના પણ છે. ખાલી પડેલા કબજા વગરના આ આવાસોના વેચાણ માટે ગુડાએ ગતિવિધિ હાથ ધરી છે. આ માટે લાભાર્થીઓને કોમ્પ્યુટરાઈઝડ ડ્રો કરીને આવાસ ફાળવવામાં આવશે. જયારે આવાસ માટે અરજીની સમયમર્યાદા તા ૨૪ ડીસેમ્બર સુધીની રાખવામાં આવી છે.

ગુડાએ નિર્માણ કરેલા આવાસો પૈકી ૧૦૩ એલ આઈ જી મકાનો તેમજ ૩૮ એમ આઈ જી મકાનો પડતર રહ્યા છે. ગુડાની આવાસ યોજનામાં લાંબા સમયથી પડતર આવાસોને અન્ય લાભાર્થીઓને ફાળવી શકાય તે વાત વિચારણા હેઠળ હતી જયારે હવે ગુડા દ્વારા આ આવાસોનુ વેચાણ કરવા માટે ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. જેમાં રાયસણમાં ૫૯, અડાલજમાં ૩૧, ચિલોડામાં ૧૩ આવાસોનુ વેચાણ થયુ નથી. જે મુજબ ૧૦૩ આવાસોનુ વેચાણ થયુ નથી. જયારે હવે આગામી દિવસોમાં વાર્ષિક ૩ લાખથી ઓછી આવક ધરાવનારા પરિવારો આ આવાસ મેળવવા માટે અરજી કરી શકશે. એક બેડરૂમ , કિચન અને સંડાસ , બાથરૂમ સહીતની સુવિધાઓ આ આવાસમાં ઉપલબ્ધ છે. આ ઉપરાંત કુડાસણમાં મધ્યમ વર્ગના પરિવારો માટે બે બેડરૂમ હોલ કીચનની સુવિધા વાળા બે પ્રકાના ફલેટ એમ આઈ જી વન આવાસોનુ નિર્માણ કરાયુ હતુ. જેમાં વાર્ષિક આવક ૬ લાખ

● અનુસંધાન પાન-૭ પર

લીંબડીયા-કરાઈ ગ્રુપ ગ્રામ પંચાયત

સમસ્ત ગ્રામજનો તેમજ ગાંધીનગર તાલુકાના ભાઈ-બહેનોને દિવાળીની શુભકામનાઓ સાથે

નૂતન વર્ષાભિનંદન...





હર્ષદભાઈ બી. પટેલ
સરપંચશ્રી

બી. એમ. ઠાકોર
તલાકી કમ મંત્રી

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com